Thursday
06.08.2026
*Volume :11 * Issue No.33
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ગુજરાત રાજ્ય બીજનિગમનો ડિવીડન્ડ ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને અર્પણ



## કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી – રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે ૧૬૯ ટકાના દરે ડિવીડન્ડની ૬.33 કરોડ રકમ રાજ્ય સરકારને આપી

### ગુજરાત રાજ્ય બીજ નિગમ મસાલા પાકોમાં 30 ટકા – ધાન્ય પાકોમાં ૧૯ – કઠોળ પાકોમાં ૧૪ અને તેલિબિયા પાકોમાં ૧૦ ટકા બિયારણ ઉત્પાદન-વિતરણ કરે છે.

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ૨૦૨૪-૨૫ના વર્ષના ડિવીડન્ડ પેટે રૂ. ૬.૩૩ કરોડનો ચેક કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ અર્પણ કર્યો હતો. રાજ્યના ખેડૂતોને શુદ્ધ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રમાણિત બિયારણ મળી રહે તે માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ કાર્યરત કરવામાં આવેલું છે. નિગમે તેની સ્થાપનાના વર્ષથી અત્યાર સુધીમાં રાજ્ય સરકારને કુલ ૪૨.૮૨ કરોડ રૂપિયાનું ડિવીડન્ડ ચૂકવ્યું છે. 'ગુરાબિની' બ્રાન્ડ હેઠળ રાજ્યમાં અને રાજ્ય બહાર પણ ખ્યાતિ પામેલા નિગમના બિયારણોની મોટી માંગ રહે છે. એટલું નહિ, ૧૦૭૦ ક્વિન્ટલ ઉત્પાદન અને ૮૩૫ ક્વિન્ટલ વિતરણથી શરૂ થયેલી બીજ નિગમની સફળતા ૨૦૨૪-૨૫માં ૩ લાખ ૩૪ હજાર ૭૩૯ ક્વિન્ટલ ઉત્પાદન અને વિતરણ સુધી વિસ્તરી છે. રાજ્યમાં પ્રમાણિત બીજની જરૂરિયાત સામે ગુજરાત રાજ્ય બીજ નિગમ મસાલા પાકમાં ૩૦ ટકા, ધાન્યપાકોમાં ૧૯ ટકા, કઠોળ પાકોમાં ૧૪ ટકા અને તેલિબિયા પાકોમાં ૧૦ ટકા

### સ્થાપના કાળથી અત્યાર સુધીમાં રાજ્ય સરકારને ૪૨.૮૨ કરોડ રૂપિયાનું ડિવીડન્ડ ચૂકવ્યું

બિયારણ ઉત્પાદન અને વિતરણ કર્યું છે. મુખ્યમંત્રીશ્રીને ૨૦૨૪-૨૫ના વર્ષના ગુરાબિની ના આ ડિવીડન્ડ ચેક અર્પણ અવસરે મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, કૃષિ-ખેડૂત કલ્યાણ નિગમના અગ્રસચિવ શ્રી આર.સી. મીના, નિગમના એમ.ડી. શ્રી રાજપૂત અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ ગ્લાસગોથી ગુજરાત આવી પહોંચ્યો

## ભારતે કોમનવેલ્થ ગેમ્સમાં ૧૩ ગોલ્ડ સહિત ૩૯ મેડલ્સ સાથે રાષ્ટ્ર મંડલ રમતોમાં ચોથું સ્થાન મેળવ્યું



**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં કેબિનેટ બેઠકમાં કોમનવેલ્થ ફ્લેગ વિધિવત અર્પણ કર્યો**

**ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનારા ૨ પેરા ખેલાડીઓ ઉપસ્થિત**

**ગુજરાતમાં ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સની ઔપચારિક તૈયારીઓ શરૂ**

**આગામી કોમનવેલ્થ ગેમ્સ સુધી ધ્વજ ગુજરાતમાં જ રહેશે: કોમનવેલ્થ ગેમ્સની પૂર્વ તૈયારીઓ અને ખેલાડીઓને પ્રેરણા આપશે**

### CWG ધ્વજ શું છે?

કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ કોમનવેલ્થ દેશો વચ્ચેની એકતા, મિત્રતા, સમાનતા અને રમતગમતની ભાવનાનું પ્રતીક છે. આ ધ્વજ ખેલાડીઓને રમત દ્વારા વિશ્વબંધુત્વ, પરસ્પર સન્માન અને શાંતિનો સંદેશ આપે છે. યજમાન શહેરમાં ધ્વજનું આગમન ગેમ્સની તૈયારીઓ અને ઉત્સાહનું પ્રતીક માનવામાં આવે છે. આ ફ્લેગ કોમનવેલ્થ પરિવારના દેશો વચ્ચે એકતા, શાંતિ, મિત્રતા, સહકાર અને રમતગમતની ઉચ્ચ ભાવનાનું જીવંત પ્રતીક છે અને "Sport Unites Us All"ના સંદેશને સમગ્ર વિશ્વ સુધી પહોંચાડે છે.

### ભાવિ યજમાન દેશને કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ કેમ આપવામાં આવે છે?

★ કોમનવેલ્થ ગેમ્સના સમાપન સમારોહમાં વર્તમાન યજમાન દેશ દ્વારા કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ આગામી યજમાન દેશને સોંપવાની પરંપરાનું વિશેષ મહત્વ છે.

★ યજમાનીના અધિકાર અને જવાબદારીનું પ્રતીક: ધ્વજનું હસ્તાંતરણ આગામી યજમાન દેશને ગેમ્સના આયોજનની જવાબદારી સોંપવાનું પ્રતીક છે.

★ પરંપરાની અવિરતતા: તે દર્શાવે છે કે કોમનવેલ્થ ગેમ્સની ગૌરવશાળી પરંપરા એક યજમાનથી બીજા યજમાન સુધી સતત આગળ વધી રહી છે.

★ એકતા અને મિત્રતાનો સંદેશ: આ હસ્તાંતરણ કોમનવેલ્થ દેશો વચ્ચેના વિશ્વાસ, સહકાર, મિત્રતા અને રમતગમતની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

★ આગામી ગેમ્સની ઔપચારિક શરૂઆત: ધ્વજ પ્રાપ્ત થતાં જ આગામી યજમાન દેશ માટે ગેમ્સની તૈયારીઓનો ઔપચારિક પ્રારંભ માનવામાં આવે છે.

★ રમતગમતના મૂલ્યોનું વહન: ધ્વજ સાથે નિષ્પક્ષ રમત, શ્રેષ્ઠતા, પરસ્પર સન્માન અને વૈશ્વિક ભાઈચારાના મૂલ્યો આગામી યજમાન સુધી પહોંચે છે.

### CWGનો ફ્લેગ "Sport Units Us All"ના સંદેશને રમતગમતની ઉચ્ચ ભાવનાના પ્રતીકરૂપે કોમનવેલ્થ પરિવારના દેશોમાં પ્રસરાવે છે

કમલમ્,

ગુજરાતમાં આગામી ૨૦૩૦માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ -CWG રમતોત્સવની ઔપચારિક તૈયારીઓ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ફિટ ઈન્ડિયાના મંત્રને વધુ વેગ મળશે.

ગ્લાસગો CWGનું સમાપન થતાં કોમનવેલ્થ ગેમ્સ ફ્લેગ આગામી ૨૦૩૦માં ઝઉઆ યજમાન રાજ્ય તરીકે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીને ગ્લાસગોમાં સોંપવામાં આવ્યો હતો. આ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ સાથે કુલ ૩૯ મેડલ્સ મેળવીને રાષ્ટ્ર મંડલ રમતોમાં ચોથું સ્થાન મેળવ્યું છે. ભારતને મળેલા મેડલ્સમાં ઈન્ડિયન પેરાએથલિટ્સે પણ ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલની સિદ્ધિ હાંસલ કરી છે અને કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય પેરાએથલિટ્સના ઉત્કૃષ્ટ પદાર્પણની ઐતિહાસિક સિદ્ધિ મળતા CWGમાં ભારતીય પેરાએથ્લેટિક્સ પોડિયમની ૨૦ વર્ષની આતુરતાનો અંત આવ્યો છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી અને પ્રતિનિધિ મંડળ ગ્લાસગોથી ગાંધીનગર આવી પહોંચતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં આ કોમનવેલ્થ ગેમ્સ ફ્લેગ નાયબ મુખ્યમંત્રીશ્રીએ સંપૂર્ણ ગૌરવ સન્માન સાથે વિધિવત અર્પણ કર્યો હતો. આ અવસરે ગ્લાસગો ખાતે આયોજિત કોમનબેલ્થ ગેમ્સ ૨૦૨૬માં પ્રતિનિધિત્વ કરનારા પેરા ખેલાડી રાકેશ ભટ્ટ અને રોહિત મજગુલ ઉપસ્થિત રહ્યા હતા. પેરા ટેબલટેનીસ ખેલાડી સોનલ પટેલ પણ આ વેળાએ જોડાયા હતા. હવે, CWG ફ્લેગ આગામી ૨૦૩૦ના CWG સુધી ગુજરાતમાં રહેશે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ફિટ ઈન્ડિયાના મંત્રને સાકાર કરવા સાથે CWGની પૂર્વ તૈયારીઓ અને ખેલાડીઓ માટે પ્રેરણાપુંજ બનશે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આ CWG ફ્લેગ અર્પણ કર્યો તેને સમગ્ર મંત્રીમંડળે હર્ષોલ્લાસથી વધાવ્યો હતો. મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમાર અને શ્રી એમ. થેન્નારસન તથા સચિવ શ્રી રાહુલ ગુપ્તા પણ ઉપસ્થિત રહ્યા હતા. આમ, આ કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ આગામી યજમાન દેશને આપવાનો હેતુ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ ગેમ્સની યજમાની, જવાબદારી, પરંપરા, એકતા અને રમતગમતના ઉચ્ચ આદર્શોના વારસાનું ગૌરવપૂર્ણ હસ્તાંતરણ કરવાનો છે.

# સરકાર વહીવટી ન્યાયને ઝડપી, પારદર્શક અને ટેકનોલોજી-આધારિત બનાવવા માટે પ્રતિબદ્ધ છે: ડૉ. જીતેન્દ્ર સિંહ

## ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને કેસના નિકાલમાં સુધારો CATમાં સુધારાના નવા તબક્કાને ચિહ્નિત કરે છે: ડો. જિતેન્દ્ર સિંહ



**કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલમાં સુધારાઓની સમીક્ષા કરી; જણાવ્યું કે ટેકનોલોજી-સંચાલિત સુશાસન વહીવટી ન્યાયને મજબૂત કરી રહ્યું છે**

**CATના ચેરમેન જસ્ટિસ રણજિત વસંતરાવ મોરેએ મંત્રીને માહિતગાર કર્યા કે ટ્રિબ્યુનલ ૯૩ ટકાથી વધુનો એકંદરે નિકાલ દર જાળવી રહી છે**

કમલમ્,

સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (CAT) ના ચેરમેન જસ્ટિસ રણજિત વસંતરાવ મોરેએ કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી અને પૃથ્વી વિજ્ઞાન રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), પ્રધાનમંત્રી કાર્યાલય, કર્મચારી, જાહેર ફરિયાદો અને પેન્શન રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ સાથે મુલાકાત કરી હતી અને તેમને સંસ્થાકીય સુધારાઓ, વ્યાપક પહોંચ અને ટેકનોલોજી-સક્ષમ સેવા વિતરણ દ્વારા વહીવટી ન્યાયને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી ટ્રિબ્યુનલની તાજેતરની પહેલો વિશે માહિતગાર કર્યા હતા. જસ્ટિસ મોરેએ મંત્રીને માહિતગાર કર્યા હતા કે તેની સ્થાપના સમયથી ટ્રિબ્યુનલને નિર્ણય માટે ૧૦ લાખથી વધુ કેસ મળ્યા છે અને ૯.૩૨ લાખથી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે, જે ૧૦૦ માંથી ૯૩ ટકાથી વધુનો એકંદરે નિકાલ દર જાળવી રાખે છે. ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે સતત સુશાસન સુધારાઓ હાથ ધર્યા છે જે જાહેર સંસ્થાઓને વધુ પારદર્શક, કાર્યક્ષમ અને નાગરિક-કેન્દ્રી બનાવે છે. તેમણે કહ્યું કે વહીવટી ન્યાય એ સુશાસનનું એક અભિન્ન અંગ છે અને સુધારાઓએ દેશભરના સરકારી કર્મચારીઓ માટે સુલભતા, કાર્યક્ષમતા અને સેવા વિતરણની સરળતામાં સતત સુધારો કરવો જોઈએ. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે જાહેર સંસ્થાઓમાં થઈ રહેલું પરિવર્તન ટેક્નોલોજી, પારદર્શિતા અને પ્રક્રિયાના સરળીકરણ પર મૂકવામાં આવેલા મજબૂત ભાર દ્વારા સંચાલિત થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ડિજિટલ પ્લેટફોર્મ સંસ્થાઓને વધુ ઝડપથી સેવાઓ પૂરી પાડવામાં, જવાબદારી સુધારવામાં અને કાર્યવિધિમાં થતા વિલંબને ઘટાડવામાં મદદ કરી રહ્યા છે, જેથી સુશાસનને નાગરિકોની જરૂરિયાતો પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બનાવી શકાય. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ દ્વારા કરાયેલી પ્રગતિનો ઉલ્લેખ કરતા ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે ટ્રિબ્યુનલનું વિસ્તરતું ડિજિટલ ઈકોસિસ્ટમ, મજબૂત થતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કેસના નિકાલમાં સતત સુધારો એ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વહીવટી સુધારાઓની વ્યાપક દિશાને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે આ પહેલો વધુ કાર્યક્ષમ અને સુલભ વહીવટી ન્યાય વિતરણ પ્રણાલી તરફ યોગદાન આપી રહી છે. મંત્રીએ જણાવ્યું કે ન્યાય સુધીની પહોંચનો વિસ્તાર કરવો એ એક મહત્વપૂર્ણ પ્રાથમિકતા છે. તેમણે જણાવ્યું કે નવા બેન્ચની સ્થાપના અને ભૌગોલિક રીતે દૂરના વિસ્તારોમાં સર્કિટ સિટિંગ્સની શરૂઆતથી અરજદારોને વહીવટી ન્યાય વધુ નજીકથી ઉપલબ્ધ થયો છે, જેના કારણે મુસાફરીમાં ઘટાડો થયો છે અને દેશના વિવિધ વિસ્તારોમાં સેવા આપતા સરકારી કર્મચારીઓ માટે સુવિધામાં વધારો થયો છે.

ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે સંસ્થાકીય સુધારાઓ ત્યારે જ સૌથી વધુ અર્થપૂર્ણ બને છે જ્યારે તેઓ માપી શકાય તેવા પરિણામો આપે છે. તેમણે કહ્યું કે ન્યાયિક પ્રક્રિયાઓના આધુનિકીકરણની સાથે કેસોના નિકાલમાં સતત સુધારો એ ટેક્નોલોજી અને ઉત્તમ વહીવટી પ્રણાલીઓ દ્વારા સમર્થિત સતત સુધારાઓનું મૂલ્ય દર્શાવે છે. જસ્ટિસ રણજિત વસંતરાવ મોરેએ મંત્રીને માહિતગાર કર્યા હતા કે ટ્રિબ્યુનલે છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન જમ્મુ અને શ્રીનગરમાં નવી બેન્ચોની સ્થાપના અને પુડુચેરી, લેહ, કારગિલ અને વિજયવાડા ખાતે સર્કિટ સિટિંગ્સ શરૂ કરવા સહિતની કેટલીક મહત્વપૂર્ણ પહેલો હાથ ધરી છે, જેથી દૂરના અને વંચિત વિસ્તારોમાં વહીવટી ન્યાય સુધીની પહોંચનો વિસ્તાર કરી શકાય.

ચેરમેને મંત્રીને એડવાન્સ્ડ કેસ ઈન્ફર્મેશન સિસ્ટમ (ACIS) હેઠળ પ્રાપ્ત થયેલી નોંધપાત્ર પ્રગતિ વિશે પણ ટૂંકમાં માહિતગાર કર્યા હતા, જેણે ઈ-ફાઈલિંગ, વર્ચ્યુઅલ સુનાવણી, ઓનલાઈન ડિસ્પ્લે બોર્ડ, SMS અને ઈ-મેઈલ એલર્ટ, કોર્ટ ફીની ઓનલાઈન ચુકવણી, મોબાઈલ એપ્લિકેશન, ઈ-સર્ટિફાઈડ કોપીઓ, ન્યાયિક રેકોર્ડનું ડિજિટલ નિરીક્ષણ, એડવાન્સ્ડ સર્ચ સુવિધાઓ, ઈ-મેન્શનિંગ, ઈ-લિસ્ટિંગ અને ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા પેપરલેસ કોર્ટ કામગીરી સહિતની ડિજિટલ સેવાઓની વિશાળ શ્રેણીને સક્ષમ બનાવી છે. ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે આવી પહેલો સરકારના ડિજિટલ ઈન્ડિયાના વિઝન સાથે સંપૂર્ણ રીતે સંરેખિત છે, જ્યાં ટેકનોલોજી પારદર્શિતા, કાર્યક્ષમતા અને સુશાસનની સરળતાના સક્ષમકર્તા તરીકે કામ કરે છે. તેમણે કહ્યું કે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન એવી સંસ્થાઓનું નિર્માણ કરી રહ્યું છે જે વધુ સુલભ, પ્રતિભાવશીલ અને ભવિષ્ય માટે તૈયાર છે. બેઠક દરમિયાન, જસ્ટિસ મોરેએ મંત્રીને માહિતગાર કર્યા હતા કે તેની સ્થાપના સમયથી ટ્રિબ્યુનલને નિર્ણય માટે ૧૦ લાખથી વધુ કેસ મળ્યા છે અને ૯.૩૨ લાખથી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે, જે ૧૦૦માંથી ૯૩ ટકાથી વધુનો એકંદરે નિકાલ દર જાળવી રાખે છે. તેમણે મંત્રીને એ પણ જણાવ્યુ હતું કે નવા કેસોના સતત આવવા છતાં તાજેતરના વર્ષોમાં પડતર કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જ્યારે ૨૦૨૫ દરમિયાન વાર્ષિક નિકાલ નવા નોંધાયેલા કેસો કરતાં વધી ગયો હતો. ચેરમેને મંત્રીને તમામ બેન્ચોમાં ઈ-ઓફિસના અમલીકરણ, e-HRMS પર અધિકારીઓ અને સ્ટાફને ઓનબોર્ડ કરવા, પબ્લિક ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) અપનાવવા, ભવિષ્ય પોર્ટલ દ્વારા પેન્શન કેસોની ડિજિટલ પ્રોસેસિંગ અને ટ્રિબ્યુનલની વ્યાપક ડિજિટલ ગવર્નન્સ પહેલોના ભાગરૂપે I-SAMના અમલીકરણ વિશે પણ માહિતગાર કર્યા હતા. ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે સરકાર એવા સુધારાઓને સમર્થન આપવાનું ચાલુ રાખશે જે સંસ્થાકીય ક્ષમતાને મજબૂત કરે છે, જાહેર સેવા વિતરણમાં સુધારો કરે છે અને કાર્યક્ષમ, જવાબદાર અને નાગરિક-કેન્દ્રી સંસ્થાઓના નિર્માણ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. તેમણે કહ્યું કે આનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે સુશાસન સુધારાઓ કર્મચારીઓ અને નાગરિકો બંને માટે સ્પષ્ટ લાભોમાં પરિવર્તિત થતા રહે.

# બાલિકા પંચાયતની દીકરીઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની મુલાકાત લીધી: કારકિર્દી અને કાનૂની જાગૃતિ અંગે મેળવ્યું માર્ગદર્શન



## જજશ્રી સી. વાય. જાડેજાએ દીકરીઓ સાથે સાધ્યો સીધો સંવાદ: સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને આત્મવિશ્વાસ કેળવવા આપ્યો પ્રેરણાદાયી સંદેશ

કમલમ્, ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'નારી વંદન ઉત્સવ–૨૦૨૬' ની ઉજવણીના ભાગરૂપે કાનૂની જાગૃતિ અને કારકિર્દી માર્ગદર્શન અંગેના વિશેષ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની દંતાલી, કઠોદરા અને જમિયતપુરા બાલિકા પંચાયતની દીકરીઓ માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરની મુલાકાત યોજવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રી અને જજશ્રી સી. વાય. જાડેજાએ દીકરીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો. સંવાદ દરમિયાન દીકરીઓએ શિક્ષણમાં આગળ વધવા માટે પરિવારનો સહયોગ મેળવવામાં પડતી મુશ્કેલીઓ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સરકારી નોકરીની તૈયારીઓ સંદર્ભે પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. દીકરીઓના પ્રશ્નોનું નિરાકરણ લાવતા જસ્ટિસ શ્રી સી. વાય. જાડેજાએ દિકરીઓને સ્પર્ધાત્મક પરીક્ષા કે સરકારી નોકરી માટે દૈનિક સમયપત્રક બનાવી નિયમિત અભ્યાસ કરવા તથા અભ્યાસમાં આવતી મુશ્કેલીઓની નોંધ રાખી, પોતાની ભૂલોનું વિશ્લેષણ કરીને નવી દિશા નક્કી કરવા સૂચન કર્યા હતા. તેમણે દીકરીઓને પોતાના લક્ષ્ય અને કારકિર્દીના પ્લાનિંગ અંગે પરિવારજનો સાથે સતત સંવાદ રાખી સહકાર મેળવવા અને નિષ્ફળતા કે નબળા પરિણામોથી નાસીપાસ થયા વગર મહેનત ચાલુ રાખવા માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન દીકરીઓને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા તાલુકા કાનૂની સેવા સમિતિની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. જરૂરિયાતમંદ લોકોને મળતી મફત કાનૂની સહાય અને ન્યાય મેળવવાની પ્રક્રિયા અંગે પણ વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ મુલાકાતે બાલિકા પંચાયતની દીકરીઓમાં નવો આત્મવિશ્વાસ, કારકિર્દી પ્રત્યેની સ્પષ્ટતા અને કાનૂની બાબતો વિશે જાગૃતિ કેળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

